### ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ-અને મુકુલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે

# અભોર ગામ ખાતે લોક હિતાર્થે સ્મશાનગૃહમાં સુવિધાનો વિકાસ

## પ્રોજેક્ટ પૂર્ણ કરી અપગ્રેડ થયેલી સુવિધાઓનું હસ્તાંતરણ કરાયું

| પાદરા |

પાદરા તાલુકાના અભોર ગામે સમાજ માટે અત્યંત મહત્વપૂર્ણ મનાતી સ્મશાનગૃહ સુવિધામાં નોંધપાત્ર વિકાસ કરાયો છે. ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા આ પ્રોજેક્ટ પૂર્ણ કરી અપગ્રેડ થયેલી સુવિધાઓનું હસ્તાંતરણ કરાયું હતું. પ્રસંગે ધાર્મિક વિધિ મુજબ પૂજા પણ યોજાઈ હતી.


અભોર ગામે સ્મશાનગૃહ સુવિધાનો વિકાસની પહેલ કરાઇ હતી.

સ્મશાનગૃહ માત્ર એક સ્થળ નહીં પરંતુ સમાજના સંસ્કાર અને માન-સન્માનનું પ્રતિક છે. ગ્રામિણ વિસ્તારોમાં પૂરતી સુવિધાના અભાવે લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ વિકાસ કાર્ય અંતર્ગત સ્મશાનગૃહમાં બેઠકો માટે શેડ, સ્વચ્છ શૌચાલય, સુરક્ષા માટે કાંટાળી તારની વાડ, લાકડાં સંગ્રહ માટે સ્ટોરરૂમ તેમજ ઊર્જા બચત માટે સોલાર લાઈટ્સ જેવી આધુનિક સુવિધાઓ ઉભી કરાઈ છે.

આ પ્રસંગે પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ અને મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા કરાતું કામ માત્ર વિકાસ પૂરતું સીમિત નથી, પરંતુ સમાજના સંવેદનશીલ મુદ્દાઓને પણ સ્પર્શે છે. અભોર ગામના સરપંચ અલ્પેશભાઈએ જણાવ્યું હતું કે, આ અમારી ગામની લાંબા સમયથી બાકી રહેલી જરૂરિયાત હતી. હવે ગામલોકોને અંતિમવિધિ માટે ગૌરવપૂર્ણ અને સુવિધાસભર સ્થળ મળ્યું છે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય કમલેશ પરમાર, ઉપસરપંચ મયુર, પૂર્વ સરપંચ મનોજ પટેલ તેમજ ફિનોલેક્સ અને મુકુલ માધવ ફાઉન્ડેશન તરફથી સંજય રોમન, કલ્પેશ પરમાર, સચિન ભાટીયા અને નિતુલ બારોટ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.